

જન્મસ્થળ : વડસર
વતન : ઓગણજ



**સ્વ. હીરાલાલ હરગોવનદાસ શાહ**
(ઓગણજ)
જન્મ : સં ૧૯૬૧ માહ સુ.૧૦
સ્વર્ગ : સં. ૨૦૩૦ માગ. વ.૧૩

**સ્વ. વિમળાબેન હીરાલાલ શાહ**
(ઓગણજ)
જન્મ : સં. ૧૯૭૩ માહ સુદ ૧૫
સ્વર્ગ : સં ૨૦૪૮ ફા. વ. ૧૨

**સુપુત્રો** : **શ્રી જીતેન્દ્રભાઈ તથા શ્રી મહેન્દ્રભાઈ**

**સુપુત્રીઓ** : **દમયંતીબેન, દેવલતાબેન, મમતાબેન**

**બાલ્યાવસ્થા** : ફક્ત છ માસની ઉમરમાંજ પિતાશ્રીનું છત્ર ગુમાવનાર શ્રી હીરાભાઈના માતુશ્રી વિજુબાના વાત્સલ્યમાં સંસ્કારભર્યો ઉછેર થયો. સામાન્ય આર્થિક સ્થિતિમાં સાત ધોરણ સુધીનો અભ્યાસ કરી શક્યા.

**શુન્યમાંથી સર્જન** : નાની વયે કુટુંબનિર્વાહની જવાબદારી આવી પડી નોકરીથી આરંભકરી કાપડના ધંધામાં ઝંપલાવ્યું. મે. હીરાલાલ હરગોવનદાસના નામથી પેઢી ચાલુ કરી. સખ્ત પરિશ્રમ કર્યો. પુરુષાર્થ અને પ્રારબ્ધે યારી આપી જેથી લક્ષ્મી, કિર્તી અને યશ સંપન્ન થયા.

**સહાયક, સલાહકાર અને દાતા** : સાચી સલાહ, માર્ગદર્શન, અને સહાય આપી સમાજમાં ઘણાંને આગળ લાવ્યા. જીવનકાળ દરમ્યાન દાનનો અવિરત પ્રવાહ વહાવ્યો.

(૧) પોતાનાં મૂળવતન ઓગણજમાં વિમળાબેન હીરાલાલ હરગોવનદાસ નામે હાઈસ્કુલનું સર્જન કર્યું.

(૨) વડસરમાં પોતાના પિત્રાશ્રીને નામે શેઠ શ્રી એચ. કે. શાહ ગજાનન હાઈસ્કુલમાં મોટું દાન આપ્યું ત્યાં ગજાનન મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

(૩) સાબરમતીમાં શેઠ શ્રી હીરાલાલ હરગોવનદાસ મ્યુની. મેટર્નીટી હોમમાં મોટું દાન આપ્યું.

(૪) તેમના ધર્મપત્ની વિમળાબેન તથા સુપુત્રો જીતેન્દ્રભાઈ અને મહેન્દ્રભાઈએ માતબર રકમ દાન આપી શ્રી બત્રીસી જૈન એજ્યુ. સોસાયટી લી. ના હોલને "શ્રી હીરાલાલ હરગોવનદાસ બત્રીસી હોલ" નામ આપી પિતાશ્રીની યાદ ચીરંજીવ રાખી છે.

**સંસ્થાઓમાં યોગદાન** : શ્રી સાબરમતી વિદ્યામંદિરના ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી રામનગર જૈન શ્વે. મુ. જૈન સંઘના ટ્રસ્ટી તથા પ્રમુખ, શ્રી બત્રીસી જૈન કો-ઓ એજ્યુ. સોસા.ના પ્રમુખ તરીકે સેવાઓ આપી, સાબરમતીના વિકાસમાં સક્રીય ફાળો આપ્યો. તેઓશ્રી સ્વભાવે સરળ મીતભાષી અને જીવન સાદુ અને ધર્મમય હતું.

**સ્વ. વિમળાબેન** : ભણતર ઓછું પણ ગણતર વધું. સ્પષ્ટવક્તા, નાના સાથે નાના મોટા સાથે મોટા, ધાર્મિક સંસ્થાઓમાં સક્રિય રસ લેતાં. આશાપૂરણ પાર્શ્વનાથ મહિલા મંડળના સ્થાપક તથા પ્રમુખ ભૂરીબાઈ ઉપાશ્રયના કાર્યકર્તા જ્ઞાતિની મહિલા ઉત્કર્ષ મંડળના સ્થાપક સભ્ય હતા. તેઓ સ્વભાવે નિરાભિમાની અને મળતાવડા હતા.